GJAM030006082026

Presented on : 23-06-2026
Registered on : 23-06-2026
Decided on : 20-08-2026
Duration :
DAY: 28 MONTH : 01 YEAR:

**<u>ધારીના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ અને</u>**

**<u>એડી.ચીફ.જ્યુડી.મેજી.સાહેબની કોર્ટમાં, મુકામ–ધારી.</u>**

**ફો.કે.નં.–૩૬૬/૨૦૨૬.**

**આંક–૧૪**

**ફરિયાદી :** સરકારશ્રી.

**વિરૂધ્ધ**

**આરોપી :** **મુકેશભાઇ ઉર્ફે મુન્નો બાલાભાઇ**
ઉ.વ.5૦, ધંધો–મજુરી,
રહે. દલખાણીયા, તા.ધારી, જી.અમરેલી.

ફરિયાદી તરફે એ.પી.પી.શ્રીઃ બી. કે. ચૌધરી./એમ.એમ.સકસેના.
આરોપી તરફેઃ બી.વી. મહેતા.

**<u>તહોમતઃ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હા બાબત.</u>**

**–: ચુકાદો :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપી તા.૨૮/૦૮/૨૦૨૫ના કલાક ૧૮:૦૦ વાગ્યે આરોપીના ઘરની પાછળ કાંટાની વાડમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ આશરે ૦૫ લિટર કિં.રૂ.૧,૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી જઈ, ગુન્હો કરેલ હોવાની ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબની ફરિયાદ

આપતાં, તે ફરિયાદ ધારી પોલીસ સ્ટેશને ગુન્હા રજી.નં.૧૧૧૯૩૦૧૮૨૫૦૩૭૬/૨૦૨૫ મુજબનાં ગૂન્હા બાબતે નોંધી તપાસ કરનાર અધિકારીએ તપાસને અંતે આરોપી વિરૂધ્ધ પુરતાં પુરવા જણાતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ કરેલ.

(૨) આરોપી સામેનું ચાર્જશીટ રજુ થતાં આરોપીને સમન્સ કરતાં આરોપી અદાલતમાં હાજર થતાં બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ અન્વયે આરોપીને પોલીસ કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ **આંક–૦૫** થી **તહોમતનામુ** ફરમાવી વાંચી સંભળાવી સમજાવી **આંક–૦૬** થી **આરોપીનો જવાબ** લેતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) સદર કામમાં ફરિયાદપક્ષ તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ પરેશભાઇ મનસુખભાઇ સોલંકીની જુબાની | ૦૭ |
| ૨ | પંચ સાહેદ ભુપતભાઇ ગોવિંદભાઈ પાટડીયાની જુબાની | ૧૦ |
| ૩ | ત.ક.અ. મનોજભાઈ હરીભાઈ વાઘની જુબાની | ૧૧ |

**–::દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ દારુ કબ્જે કર્યા અંગેનુ પંચનામું | ૦૮ અને ૦૯ |
| ૨ | ફરિયાદ | ૧૨ |
| ૩ | એફ.એસ.એલ.રીપોર્ટ | ૧૩ |

ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્બારા ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક જાહેર કરેલ.

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ અન્વયે આરોપીને તેઓની વિરૂધ્ધની હકિકત અને સંજોગો અંગે સમજાવેલ અને તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં ખોટો પુરાવો હોવાનુ, ખોટી તપાસ કરેલ હોવાનુ, ખોટુ પંચનામુ કરેલ હોવાનુ અને તેઓ કશું જાણતા ન હોવાનું જણાવી આરોપીએ તેઓની સામેના પુરાવાની હકિકતોનો ઈન્કાર કરી અને વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે,'' અમો નિર્દોષ છીએ, અમોને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવી દીધેલ છે, અમારા પર દયા, રહેમ રાખવા વિનંતી.'' વધુમાં તેઓ પોતે બચાવના સાહેદ તપાસવા માંગતા નથી કે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેમ જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ. વ. શ્રી ની દલીલો સાંભળી. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દલીલો કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં સફળ થયેલ છે જેથી આરોપીને સજા કરવાં અરજ છે. જયારે આરોપીના વિ.વ.શ્રી દલીલો કરતા જણાવે છે કે , આ કામે પંચ સાહેદો ફરી ગયેલા છે અને ફરિયાદ પક્ષ દ્બારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો ને તપાસવામાં આવેલા નથી. ફરિયાદ પક્ષ પોલીસ સાહેદો છે તે હિત ધરાવનાર સાહેદો છે. આરોપીને ખોટી રીતે સંડોવી દઈ કામગીરી બતાવવા ખોટી ફરિયાદ આપેલ છે અને ખોટુ ચાર્જશીટ કરેલ છે. જેથી ફકત પોલીસ સાહેદની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાં માટે અરજ કરેલ છે.

(૬) હાથ પરના કેસની હકીકતો ધ્યાને લેતાં સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**: મુદ્દા :**

**૧.** શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકિકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપી તા.૨૮/૦૮/૨૦૨૫ના કલાક ૧૮:૦૦ વાગ્યે આરોપીના ઘરની પાછળ કાંટાની વાડમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ આશરે ૦૫ લિટર કિં.રૂ.૧,૦૦૦/–નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી જઈ, **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબનો ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ ?

**: નિર્ણયો :**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:કારણોઃ–**

**<u>મુદ્દા નં. ૧:</u>**

(૭) ફોજદારી વિધિશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપ ફરિયાદપક્ષ નિઃશંકપણે પોતાની રીતે પુરવાર કરવાનો રહે અને જયાં સુધી ફરિયાદપક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું કોર્ટે અનુમાન કરવાનું રહે આ કામે ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૨૮/૦૮/૨૦૨૫ના કલાક ૧૮:૦૦ વાગ્યે આરોપીના ઘરની પાછળ કાંટાની વાડમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ આશરે ૦૫ લિટર કિં.રૂ.૧,૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખેલ હતો તે

મુદ્દામાલ રેઈડ દરમ્યાન પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. જેથી સદર કામે પંચનામું મહત્વનું બની જાય છે.

ફરિયાદપક્ષ તર્ફે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૦૮** અને **આંક–૦૯** થી **પંચનામુ** રજુ રાખવામાં આવેલ. સદર પંચનામાના પંચ સાહેદમાં **આંક–૦૭** થી **પરેશભાઈ મનસુખભાઈ સોલંકી** તથા બીજા પં ચ સાહેદમાં **આંક–૧૦** થી **ભુપતભાઈ ગોવિંદભાઈ પાટડીયા**નાઓને તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. સદર પંચસાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી અદાલતની મૌખિક પરવાનગીથી ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પરંતુ, સદર સાહેદોની ઉલટ તપાસને સમગ્ર રીતે ધ્યાનમાં લેવામાં આવે તો જણાય છે કે, તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી. જેથી આ કામે મહ૮ વનું કહી શકાય તેવું પંચનામું ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

(૭.૧) આ કામે ફરિયાદપક્ષે **આંક–૧૨** થી **ફરિયાદ** રજુ રાખેલ છે અને **ત.ક.અ. મનોજભાઈ હરીભાઈ વાઘ**ને **આંક–૧૧** થી તપાસવામાં આવેલ છે તેઓએ ફરિયાદને અનુરૂપ પુરાવો આપવા પ્રયાસ કરેલ છે અને ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તા.૨૫–૮–૨૦૨૫ ના રોજ અમો ધારી પો.સ્ટે.માં હે.કો. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન અમો તથા નિલેષભાઈ દાદભાઈ ડાંગર એ રીતેના દલખાણીયા આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા દલખાણીયા ગામે આવતા બાતમી હકીકત મળેલ કે દલખાણીયા ગામનો મુકેશભાઈ ઉર્ફે મુન્નો બાલાભાઈ બજાણીયા પોતાના ઘર પાછળ વાડામાં દેશી પીવાનો દારૂ રાખે છે જેથી બે પંચો બોલાવી પંચોને હકીકતની સમજ કરી પંચો રૂબરૂ જોતા એક કાપડની થેલીમાં સફેદ પ્રવાહી ભરેલી પ્લાસ્ટીકની કોથળીઓ

મળી આવેલ તેમાંથી એક પ્રવાહી ભરેલ કોથળીની ગાંઠ ખોલી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાત્રી કરતાં દેશી પીવાનો દારૂ હોય જે આશરે ૫ લિટર કિંમત રૂા.૧ ,૦૦૦/– નો મળી આવેલ તેમાંથી ૨૦૦ મી.લી. એફ.એસ.એલ. તપાસણીઅર્થે કબ્જે લીધેલ અનેબાકીનો દેશી દારૂ પંચનામાની વિગતે કબ્જે લીધેલ જે અંગેનુ વિગતવારનું પંચનામુ અમોએ પંચોની હાજરીમાં કરેલ. સદર બાબતે સાથેના નિલેષભાઇએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરિયાદ આપેલી. મને ફરિયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તેમાં નિલ ેષભાઈની સહી છે તેમજ રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. સદર ફરિયાદની ખરી નકલને આંકે પાડવા સામે બચાવપક્ષના વિ.વ.શ્રીને વાંધો ન હોય પુરાવામાં રજૂ દાખલ **<u>આંક–૧૨</u>** આપવામાં આવે છે.

ત્યારબાદ ધારી પી.એસ.ઓ. એ. હાલના કેસનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા સાધનીક કાગળો સાથે તપાસ તેઓએ સં ભાળી લીધેલ. તપાસના કામે મુદ્દામાલ એફ.એસ.એલ. ચકાસણીઅર્થે મોકલી આપેલ અને રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોય શ્રી વાઘનાઓએ ચાર્જશીટ દાખલ કરેલ.

મને આજરોજ આંક–૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે સદર પંચનામુ અમોએ પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કરેલ તે જ છે અને તેમાં પંચોની તથા રૂબરૂમાં મારી સહી છે તે હું ઓળખી બતાવુ છું.

મને આજરોજ એફ.એસ.એલ. રીપોર્ટની બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે સદર રીપોર્ટઆ કામના મુદ્દામાલ અંગે તપાસના કામે અમોએ

એફ.એસ.એલ.માંથી મેળવેલ તે જ છે. તેમાં ડી.એચ. રાઠોડ સાયન્ટીફિક ઓફિસર એફ.એસ.એલ. જુનાગઢ ગુજરાત ગર્વમેન્ટનાઓની સહી અને સિકકો છે. સદર રીપોર્ટમાં મુદ્દામાલ અ.નં.૧નુ પ્રવાહી નીસ્યદીંત મધ્યાર્ક છે. જે કેફી દારુ તરીકે ઉપયોગ કરવા માટે અયોગ્ય હોય તેવા આલ્કોહોલવાળી કોઈ દવા, સૌંદર્યપ્રસાધન, ચેપનાશક, સુવાસીત અર્ક અથવા સીરપની હાજરી દર્શાવતુ નથી તે નશા માટે યોગ્ય છે તેવુ જણાવેલ છે. આરોપીને જોયે ઓળખી શકુ જે હાલ કોર્ટમાં હાજર છે. પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૩</u>** આપવામાં આવે છે.

સદર ફરિયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ મહત્વની ઉલટ તપાસ લક્ષમાં લેવામાં આવે તો તેઓ એ હકીકતનો સ્વકાર કરે છે કે, આ કામના પંચો રેગ્યુલર પંચો છે, બનાવવાળો વિસ્તાર જાહેર રહેણાંક વિસ્તાર છે અને આજુબાજુ મકાન આવેલ છે અને મજુર માણસોની અવર જવર હોય છે, આ કામે સ્ટેશન ડાયરીનો ઉતારો કે વાહનની લોગબુકની નકલ રજુ રાખેલ નથી, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

(૮) ફરિયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું અવલોકન અને મુલ્યાંકન કરતાં, આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી દ્વારા ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. કોઈ સ્વતંત્ર સાહેદોના નામો ફરિયાદમાં, કે ચાર્જશીટમાં જણાવેલ નથી. જે સ્વતંત્ર પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તે પંચ સાહેદોએ ફરિયાદપક્ષની હકિકતને સમર્થન આપેલ નથી. બચાવપક્ષે તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ફરિયાદપક્ષના આ સાહેદોની જુબાની દ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ફરિયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ મહત્વની ઉલટ તપાસ લક્ષમાં લેવામાં આવે તો તેઓ એ હકિકત સ્વીકારે છે કે, આ કામના પંચો રેગ્યુલર પંચો છે, બનાવવાળો વિસ્તાર જાહેર રહેણાંક વિસ્તાર છે અને આજુબાજુ મકાન આવેલ છે અને મજુર માણસોની અવર

જવર હોય છે, આ કામે સ્ટેશન ડાયરીનો ઉતારો કે વાહનની લોગબુકની નકલ રજુ રાખેલ નથી, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આમ, આ કામે જયારે પંચસાહેદ પંચનામાની હકિકતને સમર્થન આપતાં નથી ત્યારે આરોપીનાં સભાન કબજામાંથી પ્રોહીબીટેડ મુદ્દામાલ મળી આવેલ હોય, કબજે કરેલ હોય તે હકિકત અંગે ગંભીર શંકા ઉત્પન્ન કરે છે. ઉપરોકત ચર્ચા સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ પટેલનો ચુકાદો માનસહ વંચાણે લેતાં સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, જયારે પંચો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી ત્યારે ફરિયાદપક્ષનો પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. વધુમાં નામદાર સુપ્રીમકોર્ટના હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજ્ય, અપીલ (ક્રિમિનલ) ૯૫૭/૧૯૯૮ નો ચુકાદો માનસહ વંચાણે લેતાં સદર ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહીં તપાસવા માટે કોઈ ખુલાસો કરેલ ન હોય તેમજ અન્ય કોઈ તથ્યથી ફરિયાદને સમર્થન મળતું ન હોય તેવાં સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. હાલના કામે પણ સ્વતંત્ર સાહેદો મળી શકે એ સ્વાભાવિક છે તેમ છતાં તેઓના નિવેદનો લેવામાં આવેલ નથી કે ન લેવા અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યા કોની માલીકીની હતી તે અંગે પણ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી સદર ચુકાદો આરોપીને મદદરૂપ થાય છે.

(૮.૧) વધુમાં નામ.સર્વોચ અદાલતના Bhagwansingh v/s The State of Rajasthan, A.I.R. 1976 Supreme Court, 985 ના ચુકાદામાં નામ.સર્વોચ અદાલતે ઠરાવેલ છે તે મુજબ જયારે પુરો કેસ પોલીસ સાહેદોની જુબાની પર આધારીત હોય અને સંજોગો શંકા પ્રેરીત હોય ત્યારે એવા સંજોગોમાં શંકાનો લાભ મળે. વધુમાં સદર ચુકાદામાં એવું પણ ઠરાવવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષના કેસ મુજબ સ્વતંત્ર ગણાય એવા પંચ સાહેદોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરેલાનું તથા આરોપીને અટક કરેલાનું જણાવવામાં આવેલ છે, તેઓએ ફરિયાદપક્ષ ના કેસને લેશમાત્ર સમર્થન

કરેલ નથી. વધુમાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવાં છતાં તેઓના નિવેદનો લેવામાં આવેલ ન હોય તેવાં સંજોગોમાં જયારે ફરિયાદપક્ષનો કેસ માત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધારીત હોય કે જેઓ ફરિયાદપક્ષે હિત ધરાવનાર સરકારી સાહેદો હોય માત્ર તેઓનાં પુરાવાના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી એવું અત્રેની અદાલતનું નમ્ર પણે માનવુ છે. આમ, ફરિયાદપક્ષના કેસના સંજોગો જોતાં આરોપી પાસેથી ફરિયાદપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવેલ તે મુજબ પ્રોહીબીટેડ મુદ્દામાલ મળી આવેલ કે કેમ ? તે બાબત શંકા ઉત્પન્ન કરનારી હોય જેનો લાભ આરોપીને ચોકકસ મળવાપાત્ર રહે. આમ, ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા તથા ફરિયાદપક્ષનો રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ સ્વતંત્ર અને નિષ્પક્ષ સાહેદો તેમજ સબળ અને માની શકાય તેવાં પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ **મુદ્દા નં.૧**નો નિર્ણય **નકારમાં** આપી **મુદ્દા નં.ર** પરત્વે નીચે મુજબ **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## : આખરી હુકમ :

(૧) આ કામના આરોપીને તેમની સામેના **ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ)** મુજબના ગુનામાં બી.એન.એસ.એસ કલમ–૨૭૧ અન્વયે **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવો.

(૩) આરોપીએ, બી.એન.એસ.એસ.કલમ–૪૮૧ની જોગવાઈ મુજબના રૂપિયા ૫,૦૦૦ /– (અંકે રુપિયા પાંચ હજાર પુરા)ના જામીન રજુ કરવા.

આ હુકમ આજરોજ તારીખ– ૨૦ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૮/૨૦૨૬

ધારી.

**( એમ.એમ.સૈયદ )**
**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ધારી**
**કોડ– જીજે૦૧૧૦૩**

પી.કે. દેવેરા